દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટ મેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૨ ● અંક : ૧૨ ● તા. ૧૫-૦૯-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

## સમસ્ત ભટ્ટ મેવાડા સમાજ (મૃત્યુ) સહાય યોજનાના સુચારૂં સંચાલન માટે વ્યવસ્થાપક સમિતિ રચવા અંગે

સમસ્ત ભટ્ટ મેવાડા સમાજ (મૃત્યુ) સહાય યોજના અમલમાં આવી ગઈ છે. આ યોજનામાં સભ્ય થયેલા અને ૭૦ વર્ષ સુધીની ઉંમર ધરાવતા તા. ૩૧-૦૮-૨૦૧૧ પહેલાં થયેલ સૌ સભ્યોને અકસ્માત વિમા યોજનાનો લાભ વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

આ યોજનાના સુચારૂં સંચાલન માટે વ્યવસ્થાપક સમિતની રચના કરવામાં આવનાર છે. આ સમિતીની રચના યોજનામાં સભ્ય થયેલાઓમાંથી જ કરવાની હોઈ આ કામમાં રસ ધરાવતા સૌને આ અંગેની જાણ શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં. ૧૩૧૬/એ/૨, સેક્ટર-૭ ડી, ગાંધીનગરને કરવા વિનંતી છે.

## ભટ્ટ મેવાડા વર્તમાન-લવાજમ અંગે

ભટ્ટ મેવાડા વર્તમાનનું નવા વર્ષનું લવાજમ સપ્ટેમ્બર-૧૧થી ભરવાપાત્ર બને છે. જે જ્ઞાતિજનોએ લવાજમ ન ભરેલ હોય તેઓ સત્વરે લવાજમ ભરે તે માટે વિનંતી છે.

મનીઓર્ડરથી લવાજમ મોકલનાર જ્ઞાતિજનોને વિનંતી છે કે મનીઓર્ડર સ્લીપમાં પોતનું પુરું નામ, સરનામું અને પીનકોડ સ્પષ્ટ લખે.

જ્ઞાતિજનો ચેકથી લવાજમની રકમ ભરે તે રકમ બહારગામના ચેકથી ન મોકલતાં 'ભટ્ટ મેવાડા વર્તમાન' ગાંધીનગરના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલશો કે જેથી રકમ મેળવવામાં વિલંબ ન થાય અને ખૂબ ઉંચા દરે બેંક કમિશન ન ચૂકવવું પડે.

સૌ જ્ઞાતિજનોને અગાઉ વિનંતી કરી હતી. ફરીથી વિનંતી કરવાની કે સૌ જ્ઞાતિજનો લવાજમ ભરે.

## દિવાળી વિશેષાંક

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત ભટ્ટ મેવાડા વર્તમાન ધીમે ધીમે સ્થિરતા પ્રાપ્ત કરતું જાય છે અને ત્રીજા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આપણું મુખપત્ર આર્થિક રીતે સદ્ધર બને અને સમાજ વધુ સંગઠિત થાય, વધુ મજબૂત, વધુ વિચારશીલ બનાવવાની સાથોસાથ યુવાશક્તિનો પણ વિકાસ થાય તેવી લેખમાળાઓ, મહિલાો, બાળકો, વડીલો વગેરેને વાંચનમાં રસ પડે તેવી બાબતો સાંકળીને વર્તમાનને રસપ્રદ બનાવવા માંગે છે.

સમાજના સૌ ઉદ્યોગપતિ, ધંધાર્થીઓ, વેપારીઓ, પોતાની જાહેરાત બે ભાગમાં પ્રકાશિત થનાર આ દિવાળી વિશેષાંકમાં આપવા વિનંતી છે. વિવિધ સમાજોના પ્રમુખો / હોદ્દેદારો અને આગેવાનોને તથા સરકારી ઉચ્ચ અધિકારીઓ/ કર્મચારીઓ અને ખાનગી કંપનીઓમાં ફરજ બજાવતા સૌ જ્ઞાતિજનોને પોતાની વગનો ઉપયોગ કરી જાહેરાત આપવા વિનંતી છે.

### જાહેરાતના દર

| | | |
|---|---|---|
| પહેલું પાનું | : | રૂા. ૨૦,૦૦૦ (મલ્ટી કલર) |
| છેલ્લું પાનું | : | રૂા ૨૦,૦૦૦ (મલ્ટી કલર) |
| પહેલેથી બીજું પાનું | : | રૂા. ૧૦,૦૦૦ (મલ્ટી કલર) |
| છેલ્લેથી બીજું પાનું | : | રૂા. ૧૦,૦૦૦ (મલ્ટી કલર) |
| અંદરના પાને આખું પાનું | : | રૂા. ૫,૦૦૦ (B&W) |
| અંદરના પાને અડધું પાનું | : | રૂા. ૨,૫૦૦ (B&W) |
| પા પાનું | : | રૂા. ૧,૦૦૦ (B&W) |
| શુભેચ્છક | : | રૂા. ૫૦૦ (B&W) |

હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...

## તંત્રી સ્થાનેથી....

પ્રિય જ્ઞાતિજનો,

જય એકલિંગજી

'ભટ્ટ મેવાડા વર્તમાન' મુખપત્રના બીજા વર્ષનો આ છેલ્લો અંક.

સમયને વહી જતાં વાર નથી લાગતી. બે બે વર્ષ પસાર થઈ ગયાં. તમારી સાથેનો નાતો વર્ષો જાય તેમ ગાઢ થતો જાય છે. કોઈપણ સમાજમાં જનજાગૃતિ હોવી પ્રથમ આવશ્યકતા છે. પ્રગતિ કરવી હશે તો જાગૃતિ પહેલાં આવવી જોઈએ. આપણી પહેલી નબળાઈ એ છે કે સાચાને સાચું અને ખોટાને ખોટું કહી નથી શકતા. સ્પષ્ટ વક્તા લોકો કડવા ભલે લાગતા. પરંતુ આવા લોકો જ જાગૃતિ લાવવામાં અગ્રેસર થતા હોય તો લોકોએ સાથ આપવો રહ્યો. મતભેદ અવશ્ય હોય, મનભેદ વગર એકબીજાને સાથે રાખીને ચાલીશું તો જ આપણો સમાજ નમૂનારૂપ પહેશે એ નિઃશંક છે.

વર્ષાન્તે ધંધામાં - સંસ્થાઓમાં નફા-નુકશાનનું સરવૈયું કાઢવું પડતું હોય છે. 'ભટ્ટ મેવાડા વર્તમાન'ના વર્ષ આખરે જોઈએ તો - એક એક મલ્ટીકલર આપ્યો - માર્ચ માસમાં પરીક્ષાર્થીઓ માટે ઉપયોગી સાહિત્ય અને પરિણામ વખતે કારકીર્દિ અંક આપ્યો. અન્ય અંકો પણ માહિતીસભર બને તેવો પ્રયત્ન કર્યો છે. લગ્ન અંગેની જાહેરખબર સારી ચાલે છે. સહકાર અને પ્રોત્સાહન પણ સારાં મળે છે. ક્યાંક પ્રિન્ટીંગની ભૂલો રહી જાય છે. તે બદલ ક્ષમ્ય ગણશો.

વર્ષ દરમ્યાન લવાજમ - જાહેરાતો આવવાનું ચાલુ રહ્યુ છે. અંક ન મળ્યાની ફરિયાદો પણ. અંક અહીંથી પોસ્ટ થતા હોય છે. મેન્યુઅલ ડીસ્પેચમાં ક્ષતિઓ અપાર હોય છે. પણ તેના નીરીક્ષણ માટે અન્યત્ર માહિતી મૂકેલી છે જ. તમને નિયમિત અંકો મળે તેના પ્રયત્નો ચાલુ જ છે. અંક નથી મલ્યો તેની ફરિયાદો વધુ તેમ તેના પ્રત્યેની ચાહના વધુ હોય તેમ જણાય છે.

આર્થિક રીતે આપના સહકારથી પહોંચી વળાય છે છતાં તમને લવાજમ વધુ ભરી - ભરાવી પગભર થવાય તે માટે સહકાર આપતા રહેશો. એવી આસ્થા અસ્થાને નહીં જ હોય.

સાહિત્યમાં રૂચિ ધરાવતા જ્ઞાતિજનોમાં કેટલા ? આવો પ્રશ્ન થાય છે. સાહિત્યિક ઉણપ આવા રૂચિ ધરાવનારને થાય તે યોગ્ય નથી લાગતું ? આપ આ બાબતે રૂચિ ધરાવો છો તો અમને સહકાર આપી મદદરૂપ થતો જ.

અંતમાં આપે લવાજમ ભરીને, ન ભરીને પણ અમારો ઉત્સાહ વધાર્યો છે તે બદલ આપ સર્વેનો આભારી છું.

- તંત્રી

## ગાંધીનગર ખાતે કેવડાત્રીજની ઉજવણી

ગાંધીનગર સમાજની બહેનો દ્વારા તાજેતરમાં કેવડાત્રીજના વ્રતની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૧૭ બહેનોએ વ્રત ઉજવેલ છે. આ પૂજન સવારે ૮ ક્લાકે શરૂ થયેલ જે સાંજે ૫ ક્લાકે સંપન્ન થયેલ.

બીજા દિવસે સૌએ પરિવાર સહિત સમૂહભોજનનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ વ્રતની ઉજવણી શ્રીમતી હેમીનાબેન નલીનભાઈ ભટ્ટના નિવાસસ્થાને રાખેલ હતી.

## ભટ્ટ મેવાડા રક્તદાતા ડિરેક્ટરી

**જ્ઞાતિબંધુઓને જ્યારે લોહીની જરૂર પડે ત્યારે તુરત જ તેની વ્યવસ્થા થઈ શકે તે હેતુથી 'ભટ્ટ મેવાડા રક્તદાતા ડીરેક્ટરી' બનાવવા માટે ગત અંકમાં જાહેરાત કરી હતી. આ અંગે જ્ઞાતિબંધુઓ તરફથી પૃચ્છા થઈ રહી છે. શ્રી મુકેશભાઈ એચ. ભટ્ટ, ગાંધીનગર એ નેગેટીવ અને શ્રી નિશાંત દિનેશચંદ્ર ભટ્ટ, હિમંતનગર ઓ પોઝીટીવ છે. બાકીના રક્તદાન કરવા માંગતા જ્ઞાતિબંધુઓને વહેલી તકે નામ નોંધાવવા વિનંતી છે.**


**Kirit Upadhyay** M. 98256 55405
**Jaimin Upadhyay** M. 96628 30607



**fruits/platters/juices**

**2, Yogi Complex, Opp. Axix Bank,
Nr. Drive-in-Cinema, Ahmedabad-54.
Ph. : 079-30221144**

# કાણીયોલ, હિંમનગર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



હિંમતનગર આર્ટસ-કોમર્સ કોલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા મૂળ કાણીયોલના વતની પ્રા. ડૉ. રાકેશ એન. જોષીએ કાલિદાસ વિરચિત્ 'મેઘદૂત' ગ્રંથનું સંપાદન કરેલ છે. આ ગ્રંથ કોલેજ કક્ષાએ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં છે. આ ગ્રંથ પ્રકાશિત થવા બદલ ભટ્ટ મેવાડા સમાજ તેમને અભિનંદન પાઠવે છે. ડૉ. રાકેશ જોષી પર એકલિંગજી દાદાના આશીર્વાદ સતત વરસતા રહે તેવી પ્રાર્થના.


LIC

भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704


# ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



કુકરવાડા સમાજના પ્રમુખ, જાયન્ટ્સ મુવમેન્ટના અગ્રણી શ્રી દ્રુપદ જોશી તથા અર્બન બેંક ગર્લ્સ હાઈસ્કૂલના નિરીક્ષક શ્રીમતી અંજનાબેન જોશીના સુપુત્ર ડૉ. પાર્થ જોશી એ તાજેતરમાં એમ.એસ. યુનિવર્સિટી માં એમ.ડી. ગાયનેક ફેકલ્ટીમાં સર્વપ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને સમાજનું નામ રોશન કરેલ છે. તે બદલ ભટ્ટ મેવાડા સમાજ તેમને અભિનંદન પાઠવે છે.

# ગિરા પિનાકીન ભટ્ટ લિખિત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું



ગિરા પિનાકીન ભટ્ટ લિખિત 'મન કશુંક તો માગે' કાવ્યસંગ્રહ અને 'મેંકુલાલ મુછાળા' - વાર્તા સંગ્રહ, આ બંને પુસ્તકોનું વિમોચન ગુજરાત સાહિત્ય, અકાદમી, ગાંધીનગરના સહયોગથી જાણીતા લેખર પ્રો. શ્રી પ્રાગજીભાઈ અને જાણીતા બાળસાહિત્યકાર શ્રી યશવંત મહેતાના વરદ્ હસ્તે તા. ૧૪-૦૮-૨૦૧૧ના રોજ સેક્ટર-૨૧, ગાંધીનગરના લાયબ્રેરી હોલમાં યોજાયું.

આ પ્રસંગને શોભાવવા જાણીતા લેખક અને બાળ સાહિત્યકાર શ્રી ફિલિપ ક્લાર્ક અને ડૉ. શ્રી કેશુભાઈ પટેલ, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ શ્રી પુરાણી સાહેબ, મંત્રી શ્રી કિશોરભાઈ જીકાદરા અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. તદ્ઉપરાંત સમાજના અગ્રગણ્ય શ્રી રમેશભાઈ જોશી, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી હરિશભાઈ ભટ્ટ, શ્રી નિરવ પંડ્યા અને જી.ઈ.બી.ના કર્મચારીઓ હાજર રહ્યા હતા. વિદ્વાનોએ આ બંને પુસ્તકોની પ્રશંસા કરી હતી.

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. રાજીવ નટવરભાઈ પંડ્યા**

સ્વપ્ન બની સરી ગયા, સાથ અમારો છોડી ગયા,
હાસ્યતણા જળજળીયા, આંસુના પુર થઈ ગયા.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના....

નટવરભાઈ એ. પંડ્યા
ચંદ્રકાંત નટવરભાઈ પંડ્યા
સુનિતા ચંદ્રકાંત પંડ્યા
ઈલાબેન પંકજકુમાર પંડ્યા
પલ્લવીબેન જયદત્ત જોશી
વર્ષાબેન હિતેષકુમાર જોશી
ગીતાબેન રાજેશકુમાર જોશી
પંડ્યા પરિવાર, પીંપળજ

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. પ્રફુલ્લભાઈ જોશી**

*અંજલી આપતા શબ્દો ખૂટે છે, શ્રદ્ધાંજલી આપતા પુષ્પો ખૂટે છે,*
*કુદરતને ખજાને ખોટ પડે છે, ત્યારે માયાળુ માનવીનો ખજાનો લૂંટે છે..*
*પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...*

મનહરભાઈ રમણભાઈ જોશી
હરેશભાઈ રમણલાલ જોશી
કેતુલ પ્રફુલ્લભાઈ જોશી
તથા સમગ્ર જોષી પરિવાર

With Best Compliments From
**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

## શ્રાવણમાસની અને પ્રવાસની હિંમતનગર પરિવાર દ્વારા ઉજવણી

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ સ્વાધ્યાય પરિવાર, મોતીપુરા, હિંમતનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસની સોમવતી અમાસની ઉજવણી શ્રી જયંતકુમાર જોશીના નિવાસસ્થાને કરવામાં આવી હતી. સ્વાધ્યાય પરિવાર દ્વારા નિયમિત દર સોમવારે થતાં પાઠનું પઠન કરવામાં આવેલ. આરતી પૂજન વગેરે બાદ શ્રી જયંતભાઈ તરફથી સ્વાધ્યાય પરિવારના સૌ સભ્યોને પાકું ભોજન કરાવવામાં આવેલ હતું.

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ સ્વાધ્યાય પરિવાર, મોતીપુરા દ્વારા તા. ૪-૯-૨૦૧૧, રવિવારે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. કાયાવરોહણ, નારેશ્વર, કુબેરભંડારીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને નર્મદા ડેમની મુલાકાત લઈ એન્જીનીયરોએ નિર્મિત કરેલ આધુનિક સ્થાપત્ય નિહાળેલ હતું. સૌ બ્રાહ્મણોને શ્રી જશુભાઈ જોશી (હિંગવાળા) તરફથી ભોજન કરાવવામાં આવેલ તેમજ ચા નાસ્તો હાર્દિકભાઈ ભટ્ટ તેમજ પ્રતીમાબેન જોશી તરફથી કરાવેલ હતો. આ દાતાઓનો સ્વાધ્યાય પરિવાર આભાર માને છે.

# કબજીયાત : કારણ, અસર અને ઉપાય ( ૨ )

**કબજીયાતના ચિહ્નોમાં :-**

પીંડીઓમાં કળતર, સખેખમ ઉધરસ એ માથાનો દુઃખાવો પ્રથમ થાય છે. આટલું થવા છતાં એ તરફ ધ્યાન આપવામાં ન આવે તો એનું ભયંકર પરિણામ આવે છે.

**કબજીયાતથી થતું નુકસાન :-**

માણસ પૌષ્ટિક ખોરાક ખાય તો પણ લેવાતો જાય છે. અપાન વાયુની અવળી ગતિ થવાથી આંખનું તેજ ઘટે છે, સ્વપ્નદોષ થાય છે, હાથપગની નસો ખેંચાય છે, ઉત્સાહને બદલે જીવન કંટાળા ભર્યું લાગે છે, સ્વભાવ બગડવાથી વાતવાતમાં ક્રોધ આવે છે, શ્વાસોચ્છવાસ અધૂરા ચાલે છે. મસા થાય છે. મસામાંથી કોઈવાર મોત થાય છે.

**નુકસાન વગર કબજીયાત દૂર કરવાના ઉપાય :-**

માલીશ, તેલની બસ્તિ, ટબ બાથ સ્નાન હરડે, દસ્ત લાવનાર પથ્ય ખોરાક, ઉપવાસ, મરચાં, આદુ, લસણ, તુલસી, ગાયનું ધારોષ્ણ દૂધ વિગેરે અગ્નિ વધારનારા પદાર્થો ખાવા.

**નુકસાનકારક કબજીયાત દૂર કરનારા દ્રવ્યો :-**

( ૧ ) લીકવીડ પેરાફીનનો (Lipuid parafin) રેચ લેવાથી છ Vitamins અને D Vitamins જીવન તત્વોનો અવરોધ થાય છે, અજીર્ણ થાય છે. વજનમાં ઘટાડો થાય છે અને ગુદાની આજુ બાજુ ખુજલી પેદા થાય છે. ( ૨ ) Castor oil (દિવલ) ઉશ્કેરણી કરે છે. અગ્નિમંદ કરે છે. વાત વ્યાધિવાળા માટે હિતકર છે. ( ૩ ) Pulvis glpceryza (સ્વાદિષ્ટ વિરેચન - સોનામુખી કાચા મળને ઉખેડી કાઢે છે. (૪) કડુ-નરોતર-મળનું ભેદન કરી મળસ્ત્રાવ કરે છે - મળને પકવીને નહિ. (૫) Magnasium sulphate & Epson Salt વિલાયતી મીઠું અને ક્ષારઃકેશ, આંખ, હૃદય અને પુરૂષશક્તિનો નાશ કરે છે. નપુસંકતા લાવે છે. નાનાપણમાં ધોળા વાળ થાય છે, હૃદયમાં વેદના થાય છે, ક્ષાર કોષોની દિવાલને નિઃસત્વ બનાવે છે માટે બહુ ક્ષાર ખાવા નહીં. ( ૬ ) પાણી :- રેચ લાવવા માટે પાણી પીવાનો ઉપયોગ :- વધુ પાણી પાચક રસોને નબળા પાડે છે - અગ્નિ મંદ કરે છે. શરીરમાં કફ વધારે છે. પાંડુ રોગમાં પાણી ઓછું પીવું. પાણી પીવાથી મળ સાફ ઉતરે એ માન્યતા ભૂલ ભરેલી છે. પાણીનો પણ મળ થાય છે, માટે થોડું પાણી પીવું. (૭) (Enema) (બસ્તિ) એકલા પાણીની એનીમા આંતરડામાનો વાયુ દૂર કરી લૂખાંપણુ દૂર કરે છે. તેલની જ બસ્તિ હિતકર છે.

આ ઉપરથી સાબિત થાય છે કે આખી સૃષ્ટિમાં કબજીયાત દૂર કરનાર નિર્દોષ, નિર્ભય અને ગુણકારી શ્રેષ્ઠ ઔષધ જો કોઈ હોય તો તે એક માત્ર હરડે જ છે. કારણ કે હરડે સિવાયના બીજા બધાં જ મળ લાવનાર દ્રવ્યો રેચક છે. એટલે આંતરડામાંથી કાચાને કાચા મળને ઉખેડી બહાર કાઢી આંતરડાની અંદરના પડમાં સોજો પેદા કરનાર છે. ફક્ત હરડે જ દીપક-પાચક હોવાથી મળને પકવીને આંતરડાની દિવાલને સહેજ પણ નુકસાન કર્યા વગર મળને બહાર કાઢનારી, અનુલોમિનિ, અગ્નિ વધારનારી ફેફસાંનો સંપૂર્ણ વિકાસ કરી, ઘડપણ અને વ્યાધિને દૂર કરનારી રામબાણ માત્રા છે. તેથી પોતાના હિત માટે અજ્ઞાનને વશ ન થતાં, બીજા રેચ નહિ અપનાવતાં હરડેનું જ નિયમિત સેવન કરો. ઘોડાને માટે મીઠું, હાથીઓને માટે જલ અને ગાયોને માટે જવલન (એક જાતનું ઔષધ) જેમ પથ્ય છે તેમ માણસની ચિકિત્સા માટે હરડે અત્યંત પથ્ય (ગુણકારી) છે.

ગુજરાતની પ્રજા કફપ્રધાન છે. જ્યાં કફ છે. ત્યાં કબજીયાત છે, કફ દૂર થવાથી કબજીયાત પણ દૂર થાય છે માટે ખાસ કરીને ગુજરાતમાં હરડેનો ઉપયોગ થાય તો સેંકડે નેવું ટકા કબજીયાતવાળા દર્દીઓ અનેક રોગોમાંથી બચી જાય. જ્યાં કફ પ્રધાન છે, ત્યાં એશઆરામ, આળસ અને કમજોરી છે. જે દેશના માણસોનું અગ્નિતત્વ વિશેષ તેજ દેશ સ્વતંત્ર અને સમૃદ્ધ બને છે તે દેશનો માણસ તંદુરસ્ત, સશક્ત અને ખડતલ રહે છે. કફ એટલે જળતત્વ અને જળતત્વને ઓછું કરી હરડે, અગ્નિ તત્વ વધારે છે. ગુજરાતમાં લોકો આ લેખ વાંચી કબજીયાત મટાડવા માટે બીજા રેચ નહિં અપનાવતાં રોજ હરડેનું સેવન કરતા થાય અને પોતાનું અગ્નિતત્વ વધારવા માટે આદુ, લસણ, મરચાં, ગાયનું ધારોષ્ણ દૂધ હરડે ખાતા થાય. તો જરૂર તેઓથી નીરોગી અને લાંબુ જીવન જીવાય. એમાં જરાએ શંકા નથી.

ચામડીના રોગવાળાએ રોજ પેટ સાફ રાખવું. તેને માટે રોજ ચારઆની ભાર હરડે પાણી સાથે ફાકવી, બાળકોને પણ જો ત્રણ વરસ સુધી હરડેનો ઘસારો પીવડાવવામાં આવે તો તેમના ચામડીના રોગ ઘણા ઓછા થઈ જાય. (સંપૂર્ણ)


Bharat Joshi — Mob. 99250 47530
Bhumesh Joshi — Mob. 97129 51963
Ph. : 2764-234114

LPS

**BALRAM**
**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

**7, Sagar Com. Complex,**
**Below Bank of Baroda,**
**CHHATRAL.**
**Gujarat. Pin : 382729**
**E-mail : balramsales@gmail.com**

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : જય મહેશકુમાર પંડ્યા | નિરવ કનુભાઈ ઉપાધ્યાય | જતીન જોશી |
| જન્મ તારીખ | : ૨૩-૧૨-૧૯૮૭ | ૨૪-૧૧-૧૯૮૪ | ૧૮-૦૨-૧૯૮૫ |
| અભ્યાસ | : બી.ઈ. (ઈન્સ્ટ્રુ.) એન્જી. | એમ.એ. (Eng.) RHCE, RHCSA | બી.ઈ. ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનીક્સ |
| વ્યવસાય | : નોકરી (મુંબઈ) | નોકરી | નોકરી ઈન્ટુસ પાવર |
| માસિક આવક | : - | ૧૦,૦૦૦ રૂા. | - |
| ઊંચાઈ | : ૫' ૧૦" | ૫' ૮" | - |
| ગોત્ર | : ગર્ગ | શાંડિલ્ય | પારાશર |
| વતન | : ભરૂચ | દાવડ, | રાયગઢ |
| રહેઠાણ | : વસઈ રોડ, મુંબઈ (વેસ્ટ) | હિંમતનગર | અમદાવાદ |
| સંપર્ક | : અવનીબેન પંડ્યા | કનુભાઈ મણીલાલ ઉપાધ્યાય | રમાકાન્ત જોશી |
| મો. ૯૫૪૫૫ ૩૧૧૦૮, ૦૨૨-૨૮૧૧૦૮૦૩ (હર્ષિદાબેન) | | (૦૨૭૭૨) ૨૩૧૮૦૦, ૯૪૨૮૬ ૪૫૮૦૦ | ૯૪૨૪૯ ૧૩૦૫૯ |

| | |
|---|---|
| નામ | : મૌનીષ ત્રિવેદી (મોન્ટુ) |
| જન્મ તારીખ | : ૧૯-૦૧-૧૯૮૭ |
| અભ્યાસ | : ડીપ્લોમા (ઓટો) |
| વ્યવસાય | : વ્યવસાય (ઓટો સ્પેરપાર્ટસ) |
| માસિક આવક | : - |
| ઊંચાઈ | : ૫' ૮" |
| ગોત્ર | : માંડલ્ય |
| વતન | : અલીણા (મહુધા) |
| રહેઠાણ | : દાહોદ |
| સંપર્ક | : દિનેશભાઈ ત્રિવેદી |
| મો. ૦૨૬૭૩-૨૪૭૩૩૬, ૯૪૨૮૭ ૮૧૪૧૧ | |

### સમાજની એકતા મજબૂત કરતું હિંમતનગર, સમાજનું ઉદાહરણરૂપ પગલું

ગાંધીનગર સમાજ તરફથી શ્રાવણ માસ પ્રવાસ દરમ્યાન હિંમતનગર ખાતે ચા-પાણી માટે રોકાવાનો હીંમતનગર સમાજના આગ્રહને વશ થઈને ગાંધીનગર આંવતાં સૌ પ્રવાસીઓ હિંમતનગર ખાતેના શ્રી એકલીંગજી મહાદેવ ખાતે રોકાયા હતા. હિંમનતગર સમાજના અગ્રણીઓ ડૉ. વિનાકરભાઈ પંડ્યા, શ્રી નિતીનભાઈ પંડ્યા, શ્રી જશુભાઈ ભટ્ટ, શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, શ્રી સર્વાનંદ ભટ્ટ, શ્રી ગિરીશભાઈ, શ્રી આશીષભાઈ ભટ્ટ, શ્રી જયેશભાઈ જોશી, શ્રી મનુભાઈ પંડ્યા વગેરે એ સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ગાંધીનગરના સૌ જ્ઞાતિજનોને આવકારી સ્વાગત કરીને હિંમતનગર સમાજે સમાજની એકતા વધુ મજબૂત થાય, સમાજ વધુ સંગઠિત થાય અને એકબીજાની વધુ નજીક આવવા માટે ભાવનાત્મક ભૂમિકા પૂરી પાડીને ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ છે તે માટે ગાંધીનગર સમાજ પણ તેમનો ખૂબ જ આભારી છે.


Total Power Solution Under one Roof
COMPANY BRANCH OFFICE AT GHATLODIA

EXIDE INDUSTRIAL | SF SONIC | Base Terminal | PRESTOLITE

Dealers are Wel-Comed

* Car Batteries : Maruti, Hyundai, Tata, Skoda, Toyota
* Two Wheeler : Honda, Bajaj, TVS, Yamaha, LML
* SMF BATTERIES FOR UPS, INVERTER & HOME UPS

SALES & SERVICES
* On-line UPS (600 VA to 60 KVA)
* Inverter for Residential, Industrial & Hospital Application
* Stabilizer for Industrial & Residential (Home System, A.C., T.V., Freez)

CHIRAG PANDYA MOB. 95379 77122 KALPESH RAMESHCHANDRA JOSHI MOB. 95379 77203

SHREE POWER PRODUCTS
LL-12, Manthan Society, Opp. Modi Petrol Pump, Satadhar Char Rasta, Ghatlodia, Ahmedabad-61. E-mail : shreekrj@vsnl.com • shreekrj@rediffmail.com

☞ Required : Sales & Service Engineers
☞ જ્ઞાતિબંધુઓ માટે વિશેષ ઓફર...

# कुर्यात सदा मंगलम्

## વર જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : ચિન્ટુબેન ભટ્ટ | મૈત્રીબેન કનુભાઈ ઉપાધ્યાય | પલક પ્રદિપકુમાર જોશી |
| જન્મ તારીખ | : ૨૮-૦૧-૭૪ | ૧૪-૧૨-૧૯૮૭ | ૦૪-૦૧-૧૯૮૬ |
| અભ્યાસ | : બી.એ. | એમ.એ. (અંગ્રેજી) બી.એડ. | DCA, B.Com., M.Com-II Cont. |
| વ્યવસાય | : નોકરી | નોકરી | નોકરી (સી મહીન્દ્ર ડાયમંડ કંપની) |
| માસિક આવક | : ૮,૦૦૦ રૂા. | - | - |
| ઊંચાઈ | : ૫' ૫'' | ૫' ૪'' | ૪' ૧૧'' |
| ગોત્ર | : વત્સ | શાંડિલ્ય | કૌશિક |
| વતન | : રાયગઢ | દાવડ | નારદીપુર |
| રહેઠાણ | : અમદાવાદ | હિંમતનગર | અમદાવાદ |
| સંપર્ક | : મયુરધ્વજભાઈ ભટ્ટ | કનુભાઈ મણીલાલ ઉપાધ્યાય | પ્રજ્ઞાબેન જોશી |
| | ૨૭૬૦૪૦૮૯ | (૦૨૭૭૨) ૨૩૧૮૦૦, ૯૪૨૮૬ ૪૫૮૦૦ | ૯૯૯૮૭૯૩૧૩૫, ૯૭૧૪૭૩૬૩૮૫ |

**'कुर्यात सदा मंगलम्' કોલમમાં લગ્ન વિષયક જાહેરખબર છપાવવા ઈચ્છુક જ્ઞાતિના યુવક-યુવતીઓએ પોતાની વિગતમાં જન્મ સ્થળ, જન્મ સમય તેમજ નક્ષત્રની વિગત દર્શાવવા વિનંતી છે.**

**ભટ્ટમેવાડા વર્તમાનના અંકો દર માસની ૧૫ તારીખે રવાના કરવામાં આવે છે જે મોડામાં મોડા ૨૫ તારીખ સુધીમાં સામાન્ય રીતે મળી જતા હોય છે. કોઈ કારણસર જો અંક ન મળે તો પત્ર દ્વારા શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં.૧૩૧૬/એ-૨, સેકટર-૭ડી, ૩૮૨ ૦૦૭ ગાંધીનગરના સરનામે અથવા ફોન નં.(૦૭૯) ૨૩૨૩૦૬૩૨ પર જણાવવા વિનંતી છે કે જેથી જે જ્ઞાતિજનોને અંક ન મળ્યો હોય તેમને મોકલવાની વ્યવસ્થા થઈ શકે.**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D.,
SMALL SAVINGS SCHEME,
LIC, UTI, PPF, COS. DEPOSITS,
SRGE, ICICI MUTUTAL FUND,
RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**

## દુઃખદ અવસાન

- અમદાવાદ નિવાસી ડૉ. રજનીકાંત પ્રહલાદભાઈ જોશીનું દુઃખદ અવસાન થયેલ છે.
- વિજાપુર નિવાસી અરૂણભાઈ, સુનિલભાઈ, દુષ્યંતભાઈ અને નીતાબહેનના માતૃશ્રી અને ગાંધીનગર સમાજના અગ્રણી શ્રી વિદ્યુતભાઈ પંડ્યાના સાસુ મનોરમાબહેન ઈન્દુલાલ પંડ્યાનું દુઃખદ અવસાન થયેલ છે.
- દિલીપભાઈ અને રમેશભાઈના માતૃશ્રી, રણાસણના વતની ગં.સ્વ. જશોદાબેન વિષ્ણુપ્રસાદ પુરોહિતનું દુઃખદ અવસાન થયેલ છે.
- ઓઢાના વતની શ્રી ચંદ્રકાન્તભાઈ અને સુભાષભાઈના માતૃશ્રી ઈચ્છાબેન ઉમિયાશંકર પુરોહિતનું દુઃખદ અવસાન થયેલ છે.
- કુકરવાડાના વતની અને અમદાવાદ નિવાસી શારદાબેન દિનકરરાય જોશીનું દુઃખદ અવસાન થયેલ છે.
- પીપળજના વતની રાજીવ નટવરલાલ પંડ્યાનું દુઃખદ અવસાન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી ''ભટ્ટ મેવાડા વર્તમાન'' પરિવારની પ્રભુ પ્રાર્થના.

# ચંપેશ્વર, શારણેશ્વર, વિરેશ્વર અને પોળોના જંગલોનો પ્રવાસ યોજાઈ ગયો



શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. સવારે ૬.૩૦ ક્લોક ગાંધીનગરથી નીકળીને ચોરીવાડના શ્રી ચંપેશ્વર મહાદેવે ૯.૦૦ વાગે પહોંચીને લઘુરુદ્ર કરેલ હતો. લઘુરુદ્રની પુજાનો લાભ શ્રી પરેશકુમાર ચંદ્રકાંતભાઈ જોશી અને શ્રી ભરતકુમાર મનુપ્રસાદ જોશીએ લીધો હતો. પુજા વિધિ શ્રી અમૃતભાઈ ઉપાધ્યાયના આચાર્યપદે થઈ હતી અને શ્રી હિમાંશુભાઈ દિક્ષીત અને શ્રી ઉમેશભાઈ પંડ્યા પૂજા વિધિમાં મદદરૂપ થયા હતા. સૌ પ્રવાસીઓ શિવમહિન્મ સ્રોત્રનો પાઠ કરીને ભાવવિભોર બન્યા હતા. પુજા વિધિ બાદ સૌએ સમૂહ ભોજન લીધેલ હતું. ગાંધીનગર સમાજના આમંત્રણને માન આપીને ઈડર સમાજના શ્રી દીલિપભાઈ જોશી, શ્રી સુરેશભાઈ જોશી અને શ્રી બિપીનભાઈ ઉપાધ્યાય વગેરે હાજર રહ્યા હતાં.

ચંપેશ્વર મહાદેવથી અતિપૂરાણા એવા શારણેશ્વર મંદિરના દર્શન કરીને પોળોના પ્રાકૃતિક જંગલોનું ભ્રમણ કરીને પ્રકૃતિ સાથે સંવાદ સાધેલ હતો. ત્યાર બાદ વિરેશ્વર દર્શન કરીને સાંજે ૬.૦૦ વાગે હિંમતનગર પહોંચ્યા હતા. શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, હિંમતનગર તરફથી સૌનું ભાવભીનું સ્વાગત કરીને હળવો નાસ્તો, ચા-પાણીનું આયોજન કરેલ હતું. હિંમતનગરથી નીકળીને સૌ પ્રવાસીઓ ગાંધીનગર પરત ફરેલ હતા.

આ પ્રવાસનું સફળ અને સુંદર આયોજન શ્રી પ્રકાશભાઈ ભટ્ટ, શ્રી નિરવભાઈ પંડ્યા, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી વિજયભાઈ ભટ્ટ, શ્રી મહેશભાઈ ભટ્ટ વગેરેએ કરેલ હતું.


મૌનિષ ત્રિવેદી (મોન્ટુ)
મો. ૯૭૨૬૪ ૬૪૭૬૪

ધનંજય મોટર્સ

ઓટો સ્પેર પાર્ટસ - ટાયર્સ - એસેસરીઝ - ફોર વ્હીલર

સહયોગી - અવંતિકા મોટર્સ
ઈન્દૌર હાઈવે રોડ, દાહોદ.

(રહે.) સોહમ એપાર્ટમેન્ટ,
ચાકલ્યા રોડ, દાહોદ


## હિંમતનગર ખાતે ભટ્ટમેવાડા વિદ્યાર્થીઓ માટે નજીવા દરે હોસ્ટેલની સગવડ

શ્રી ભટ્ટમેવાડા બાવન જ્ઞાતિ વિદ્યોતેજક કેળવણી મંડળ દ્વારા હિંમતનગરમાં છાત્રાલયની સુવિધા ઉભી કરવામાં આવી છે. જ્ઞાતિના વિદ્યાર્થી માટે વાર્ષિક રૂા. ૩૫૦/-ના દરે હોસ્ટેલન સુવિધા ઉપલબ્ધ કરાવાય છે.

જ્ઞાતિના જે વિદ્યાર્થીઓ આ વ્યવસ્થાનો લાભ લેવા માંગતા હોય તેઓએ શ્રી તુલસીભાઈ વ્યાસ અને શ્રી ચંદ્રકાન્તભાઈ ગોરનો ફોન નં. ૦૨૭૭૨-૨૪૩૯૯૯ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

આ ઉપરાંત જ્ઞાતિજનો માટે હોલની સુવિધા પણ ઉપલબ્ધ છે તેનો લાભ વિના મૂલ્યે આપવામાં આવે છે તેનો લાભ પણ જ્ઞાતિજનોને લેવા જણાવ્યું છે.

Owner : Shree Bhatt Mewada Brahma Samaj, Printer, Publisher, Editor : Bipinchandra C. Joshi, Printed : Dharti Offset Printers, Plot No. 405, G.I.D.C., Sector-28, Gandhinagar-382028. Published : 1316/A-2, Sector-7/D, Gandhiangar. (GUJARAT)-382007